મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

ઉજવણી...ઉલ્લાસમય શિક્ષણની : શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪

# મહીસાગર જીલ્લા કલેકટરએ પીએમ માખલિયા પ્રાથમિક શાળા ખાતેથી ભૂલકાઓને શાળા પ્રવેશ કરાવ્યો

મહીસાગર, આજરોજ કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪નો શુભારંભ થયો છે. આ પ્રસંગે મહીસાગર જીલ્લા કલેક્ટર નેહા કુમારીએ લુણાવાડા તાલુકાના પીએમ માખલિયા પ્રાથમિક શાળા ખાતેથી ભૂલકાઓને શાળા પ્રવેશ કરાવ્યો હતો.



શાળા પ્રવેશોત્સવના શુભારંભ પ્રસંગે કલેક્ટર નેહા કુમારીએ શાળામાં પ્રવેશ મેળવનાર બાળકોને ઉજ્જ્વળ ભવિષ્યની તેમના જીવન ઘડતરની શરૂઆતની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું કે, બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ મળે તે ખૂબ જ જરૂરી છે અને એ આપણા સૌની સહિયારી જવાબદારી છે. શિક્ષણ એ ઉજ્જ્વળ ભવિષ્યના દ્વાર ખોલવાની અમૂલ્ય ચાવી છે જેના થકી આકાશમાં ઊંચી ઉડાન પણ ભરી શકે છે. શિક્ષણ એ જીવનનો મહત્વપૂર્ણ હિસ્સો છે.શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ થકી શાળાઓમાં બાળકોનું સો ટકા નામાંકન થાય તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વધુમાં કલેક્ટર જે બાળકોએ આજે પ્રવેશ મેળવ્યો તે બાળકોને જીવનમાં ભણી ગણી ખૂબ આગળ વધે અને માં બાપ અને ગામનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ આપી.

આ પ્રસંગે મહાનુભાવોના વરદ હસ્તે કીટ આપી ઉત્સાહ સાથે બાળકોને આવકારવામાં આવ્યા હતા. શાળા પ્રવેશોત્સવ દરમિયાન કલેક્ટર દ્વારા શાળામાં ભણતા વિદ્યાર્થી જે જેઓ પેહલા નંબર લાવ્યા હોય તેમને નોટબુક આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શાળા પ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ તકે જીલ્લા કલેક્ટરએ એસ.એમ.સીના સભ્યો સાથે બેઠક કરી કામગીરી બાબતે સમીક્ષા કરી હતી.

કલેક્ટર નેહા કુમારીના હસ્તે મહીસાગર જ્ઞાનગંગા પ્રકલ્પ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.શાળા પ્રવેશોત્સવ દરમિયાન પીએમ માખલિયા પ્રાથમિક શાળામાં બાલવાટિકામાં -૨૮ બાળકો અને ધો-૧માં -૨૪ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો.

આ પ્રસંગે ગામના સરપંચ, એસ.એમ.સી. સભ્ય, શાળાના આચાર્ય, શિક્ષકો, ગ્રામજનો અને મોટી સંખ્યામાં ભૂલકાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉજવણી... ઉલ્લાસમય શિક્ષણની

# કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ - ૨૦૨૪

મહીસાગર, મહીસાગર સહિત સમગ્ર રાજ્યમાં આજથી ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવ - ૨૦૨૪નો પ્રારંભ થયો છે. ત્યારે મહિસાગરના લુણાવાડા તાલુકાના કેન્દ્રવર્તી શાળા હરદાસપુર ખાતે જીલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલે ભૂલકાઓને શાળામાં પ્રવેશ અપાવીને શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. શિક્ષણની યાત્રામાં પગરવ માંડતા ભૂલકાઓને શૈક્ષણિક કીટ તેમજ સ્નેહભેર આવકાર આપીને જીલ્લા વિકાસ અધિકારીએ શાળામાં પ્રવેશ અપાવ્યો હતો.




આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલે જણાવ્યું હતું કે, ૨૧ વર્ષ પેહલા તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શાળા પ્રવેશોત્સવ શરૂ કરાવ્યું હતું અને ત્યારથી સરકાર કન્યા કેળવણી પર વધુ ભાર મૂક્યો છે. સમાજનો વિકાસ ત્યારેજ થાય છે જ્યારે મહિલાઓ દરેક ક્ષેત્રમાં ખભે ખભા મિલાવે અને ભારતને ૨૦૪૭ માં વિકસિત ભારતના સ્વપનને સાકાર કરવા મહિલાઓની ભૂમિકા અગત્યની છે. આજે આ શાળામાં કુમાર કરતાં કુમારીઓની સંખ્યા વધુ જોઈ મને આનંદની લાગણી અનુભવી રહ્યો છું. ગામનો એક પણ બાળક શિક્ષણ વગર વંચિત ન રહી જાય તે માટે સરકાર હમેશા પ્રયત્નશીલ રહી છે.

જીલ્લા વિકાસ અધિકારીના હસ્તે મહીસાગર જ્ઞાનગંગા પ્રકલ્પ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરીને જીવનમાં ખૂબ પ્રગતિ કરો તેમ શુભેચ્છાઓ પાઠવી હતી. શાળા પ્રવેશોત્સવ બાદ જીલ્લા વિકાસ અધિકારીએ એસ.એમ.સી.ની બેઠકમાં હાજરી આપીને સ્કૂલમાં જરૂરી તમામ સુવિધાઓ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ સહિતની વિગતો મેળવીને માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ બાદ શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગામના સરપંચ,એસ.એમ.સી.સભ્ય, શાળાના આચાર્ય, શિક્ષકો, ગ્રામજનો અને મોટી સંખ્યામાં ભૂલકાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુરના ભાણા સિમલ ગામે રસ્તાની કામગીરી સાઈડે પથ્થર તોડી વખતે મોરને ઈજાઓ થતાં વન વિભાગે રેસ્કયુ કરી સારવાર કરાવી

સંતરામપુર, સંતરામપુર તાલુકાના ભાણા સિમલ ઉનવાડીયા મહાદેવ રસ્તાની કામગીરી દરમિયાનમાં સાઈડા વડે પથ્થર તોડતી વખતે રાષ્ટ્ર પક્ષી મોરની ઈજાઓ થતા વન વિભાગએ ઘટના સ્થળે પહોંચીને સારવાર કરીને રેક્યુ કરાયું. સંતરામપુર તાલુકાના ભાણા સીમલ ઊંડવાડીયા રસ્તાની કામગીરી હાથ ધરવામાં આવેલી હતી. કોન્ટ્રાક્ટરની બેદરકારીને કારણે પથ્થર તોડવા માટે સાયડાના ટોટા મૂકીને પથ્થર તોડવામાં આવતા હોય છે, આવી રીતે બ્લાસ્ટ કરીને પથ્થરો ઉછળતા હોય છે. આ વિસ્તારમાં અસંખ્ય પક્ષીઓને નુકસાન થતું હોય છે કેટલાક પક્ષીઓ મળતી માહિતી મુજબ ઈજા થવાના કારણે મૃત્યુ પણ થયેલા ઈજા થવાના કારણે મૃત્યુ પણ થયેલા હતા. રાષ્ટ્ર પક્ષી મોરને પથ્થર વાગી જવાના કારણે મોરને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થયેલી હતી. ગ્રામજનો એ વન વિભાગના અધિકારીને જાણ કરી હતી. ઘટના સ્થળે પહોંચીને મોરનું રેક્યું કરવામાં આવ્યું અને તેની સારવાર કરવામાં આવી હતી. સંતરામપુર તાલુકાના ખેડાપા



ભાણા સિમલ સીમલીયા બટકવાડા આવા વિસ્તારોમાં જંગલમાં સૌથી વધારે વન્ય પ્રાણી અને પક્ષીઓ મોર વધારે વસવાટ કરતા હોય છે. કોન્ટ્રાક્ટર કામગીરી દરમિયાનમાં પથ્થર તોડવા માટે બ્લાસ્ટ કરીને પથ્થરનો મારો ચારેય બાજુ ફેલાતો હોય છે, આના કારણે ઉડતા પક્ષીઓને મોરને પણ ઈજાઓ થતી હોય છે. કેટલાક પક્ષીઓ પૂજા થવાનો ડુંગર અને અંદર મરણ પામેલા અનુમાન ગામમાંથી માહિતી મળતી જાણવા મળેલ છે. બ્લાસ્ટની કામગીરી દરમિયાનમાં આવી ઘટના બને અને રાષ્ટ્ર પક્ષી મોરની નુકસાની ઈજા પહોંચી લીધી કે ખરેખર તંત્ર દ્વારા ગંભીરતાપૂર્વક નોંધ લેવાય તે જરૂરી.

# દે.બારીયા શહેરના કસ્બા વિસ્તારમાં ત્રણ દિવસથી મેન્ટનન્સના નામે વીજ પુરવઠો બંધ કરવામાં આવે છે

દે.બારીયા, એમ.જી.વી.સી.એલ. સફાળે જાગી હોય તેવું લાગી રહ્યું છે. જે પ્રિમોન્સુનની કામગીરી ૧૫ જુન સુધી પુરી થઈ જવી જોઈએ તે કામગીરી હજુ સુધી કેમ પૂર્ણ થઈ શકી નથી. તે મોટો સવાલ છે. પ્રિમોન્સુનની મેન્ટનન્સનું કાર્ય પૂર્ણ કરવામાં હજુ પણ ધાંધીયા ચાલે છે. સતત ત્રણ દિવસથી અને ઘોષીત રીતે વીજ પુરવઠો બંધ રાખીને ત્રણ સો- ચાર સો ઘરોની આમ જનતાનને બાનમાં લેવામાં આવી રહ્યા છે. ૪૧ ડીગ્રીની કાળઝાળ ગરમીમાં મનફાવે ત્યારે વીજ પુરવઠો બંધ કરવો કેટલું નિયમના વિરૂદધ છે. દે.બારીયાના કાર્યપાલક ઈજનેર આખા વર્ષ શું ? કરતા હતા અને હવે માથે ચોમાસું આવ્યું ત્યાર જાગીયા જેવા પણ વીજ પુરવઠો વધારે સમય માટે બંધ રાખવો હોય તો એક દિવસ પહેલા તે અંગેની જાહેર સુચનાની અમલવારી કરવી જોઇએ એ પરંતુ અહીં તો તમામ નિયમો નેવે મુકી માનવતા ગ્રાહકોને હેરાન કરવા કેટલા વ્યાજવી છે ? આવું અન આવડત તેમજ અંધેર વહિવટ કયાં સુધી ચલાવાશે તે આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. વીજ લાઈનમાં મેન્ટનન્સ કાર્ય કરવું જોઈએ એ પણ આમ જનતાની હાલાકી ના થાય તે દયાને લઈને કાર્ય થાય તો અત્યંત આવશ્યકતા ઉપર ભાર મુકવો રહ્યો ઈજનેરને આ વાતનો થોડો ખ્યાલ રાખવો.

# નદીસર પંચાયત માં પાણી માટે મહિલાઓનો હલ્લાબોલ : માટલા ફોડી વિરોધ કરાયો

નદીસર, ગોધરા તાલુકાના નદીસર ગામના વિવિધ ફળિયાઓમાં નાગરિકોને છેલ્લા દશ પંદર દિવસ થી પાણી પુરવઠો ન મળતા નદીસર ગ્રામ પંચાયત ખાતે ગામ ની મહિલા ઓ દ્વારા હલ્લાબોલ કરવા માં આવ્યો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ ગોધરા તાલુકા ના નદીસર ગામ ના આંટા ફળિયું, લીમડી ફળિયું, જૂની પોસ્ટ ફળિયું, રામજી મંદિર વિસ્તાર સહિત ના વિસ્તારો માં નદીસર પંચાયત દ્વારા અપાતો પાણી પુરવઠા સ્થાનિકોની ફરિયાદ મુજબ છેલ્લા દશ-પંદર દિવસ થી અનિયમિત રીતે અપાતા સદર ફળિયાના રહીશો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. આ અંગે આંટા ફળિયાના સ્થાનિક મહિલા લીલાબેન ચૌહાણે જણાવ્યું હતું કે, દશ-પંદર દિવસ થી પાણી પુરવઠો દિવસથી નથી મળતો, જેથી ભારે મુસીબત વેઠવી પડે છે.

આ તરફ પંચાયતના સૂત્રોને પૂછતા તેવો એ જણાવ્યું હતું કે, નદીસર ખાતે નર્મદા અને મહીસાગર બન્નેની જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત પાણી આવે આ બન્ને જગ્યાએથી આવતું પાણી નિયમિત ન આવતા દરેક ફળિયામાં સંતોષ કારક પાણી આપી શકાતું નથી.

ઉગ્ર દેખાવો સાથે મહિલાઓએ પંચાયત સંકુલમાં પાણીના માટલા ફોડીને વિરોધ દર્શાવ્યો હતો અને એક તબક્કે હાય...હાય...ના નારા લગાવીને પંચાયતને તાળાબંધી કરવામાં આવી હતી.આ તરફ નદીસર ખાતે નર્મદા આધારિત પી.એમ.જ યોજનાના પાણીની નદીસર સંપ ખાતે આવતી મુખ્ય પાઈપ લાઇનમાં કેટલાક ભૂતિયા કનેકશન આપવા આવ્યા હોવાની વિગતો પણ જાણવા મળેલ છે.નર્મદા અને મહીસાગરની જૂથ પાણી પુરવઠા યોજનાનું પાણી અનિયમિત રીતે મળતા નદીસરના વિવિધ ફળિયાઓમાં પાણીની સમસ્યા વિકટ બની છે.

# સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં આયુષ્યમાન કાર્ડ કાઢવાની ઓફિસ બંધ રહેતા અરજદારોને ધરમધક્કા

સંતરામપુર, સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં આયુષ્માન કાર્ડ કાઢવા માટે ઓફિસ બંધ રહેતા અરજદાર ના ધરમ ધક્કા ગુજરાત સરકાર દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના લાભાર્થીઓને દસ લાખ સુધીનો આયુષ્માન કાર્ડ માટેની જાહેરાત કરવામાં આવેલી હતી. સંતરામપુર તાલુકાના અને નગરના મોટાભાગના લાભાર્થીઓ આયુષ્યમાન કાર્ડ કઢાવવા માટે સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં જતા હોય છે, પરંતુ ત્યાંના ઓપરેટર અનિયમિત ના કારણે અને બંધ



રહેવાના કારણે કામગીરી થતી નથી નિયમ મુજબ જાહેર રજા સિવાય સવારે ૧૦ થી પાંચ કલાક સુધી આયુષ્માન કાર્ડ કઢાવવા માટે ઓપરેટરની નિમણૂક કરી લેજે અને સમયસર અને રેગ્યુલર બેસવાની તેની જવાબદારી હોય છે. ગમે ત્યારે પણ અરજદાર કાર્ડ કઢાવવા જાય ત્યારે બંધ હોય અને ગેરહાજરીઓ જોવા મળી આવેલી હોય છે. ફોન દ્વારા કોન્ટેક્ટ કરવામાં આવે તો હું બહાર ગયેલો છું, તમે બેસો હું આવું છું, તેઓ જવાબ મળતો હોય છે. બીજી બાજુ સરકાર આયુષ્માન કાર્ડનો લક્ષ્યાંક પૂરૂં કરવા માટેના સતત પ્રયત્ન કરતા હોય છે. જ્યારે બીજી બાજુ ઓપરેટરની બેદરકારી અને ગેરહાજરીના કારણે કેટલાક લાભાર્થીઓના હજુ પણ આયુષ્માન કાર્ડ થી વંચિત રહેલા છે. ગુજરાત સરકારનું યોજના હેઠળ આયુષ્યમાન કાર્ડ કોમ્પ્યુટર ઓપરેટર રેગ્યુલર બેસે અને અમારૂં કામગીરી થાય તેવા લાભાર્થીઓની માંગ પણ ઊભી થયેલી છે.

# કડાણા તાલુકાના પઢારા ગામે પ્રાથમિક શાળા ખાતે પ્રવેશ ઉત્સવ ઉજવામાં આવ્યો

કડાણા, મહિસાગર જીલ્લામાં આજથી શાળા પ્રવેશોત્સવની શરૂઆત થઈ છે. જેમાં બાલવાડીથી લઈને આંગણવાડી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો તાલુકાના પ્રાથમિક શાળા શાળા પ્રવેશ મહોત્સવ ૨૦૨૪ માં કડાણા તાલુકાની પઢારા પ્રાથમિક શાળામાં. ઉજવવામાં આવ્યો હતો

આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, તે સમયે ૨૦૦૩માં શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરી હતી. રાજ્યના આદિવાસી અને ગરીબ બાળકો શાળાએ જતા નહોતા. જેથી શાળા પ્રવેશોત્સવની શરૂઆત થઈ હતી.

મહીસાગર જીલ્લાના પૂર્વ પ્રમુખ તથા બચકરીયા જીલ્લા પંચાયતના સદસ્ય મતી રમીલાબેન ડામોર ની ઉપસ્થિતિમાં આજરોજ તારીખ ૨૬ ૬ ૨૦૨૪ ના રોજ ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે શાળામાં માતા વિહોણા બે બાળકોને જેમાં જેમાં ડીંડોર પ્રિન્સ કુમાર તથા હિરલ મછારને પોતાના ઉચ્ચ વિચારો થકી માતા બનીને સન્માનપૂર્વક બાળકોને શાળા પ્રવેશ બાલવાટિકામાં આપ્યો અને આ બંને બાળકોને શાળાના આચાર્ય તથા શિક્ષકઓએ શિક્ષકઓએ બાળકોને દત્તક લેવામાં આવ્યા અને જ્યાં સુધી પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે ત્યાં સુધી બાળકોને તમામ પ્રકારની શૈક્ષણિક સુવિધા પૂરી પાડવામાં આવશે.

# લુણાવાડા ડેપો ખાતે "સ્વચ્છયાત્રા શુભયાત્રા"અભિયાન અંતર્ગત સફાઈ અભિયાન



મલેકપુર, ગોધરા એસ.ટી. વિભાગના વિભાગીય નિયામક બી.આર. ડીંડોર ના માર્ગદર્શન આપી તેઓની સાથે લુણાવાડા ડેપોમેનેજર જાગૃતિબેન ગણાવાની દેખરેખ હેઠળ લુણાવાડા એસ.ટી. વર્કશોપ ખાતે તમામ વાહનો અંદર તેમજ બહારથી સફાઈ ચેક કરી, રેમ્પની સફાઈ પણ ચેક કરી તથા લુણાવાડા બસ સ્ટેશન ખાતે પાણીની ટાંકી, શૌચાલય, પ્રાઈવેટ પાર્ટી પાર્કિંગ, સ્ટાપ રૂમ તમામ જગ્યા ઉપર જાતે હાજર રહી સફાઈ અભિયાન હાથ ધર્યું. તેઓએ મુસાફર જનતાને પણ સ્વચ્છતા જાળવવા અપીલ કરી હતી.

# રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માએ લીંબાસી સહકારી મંડળી અને સહકારી બેંકની મુલાકાત લીધી

નડિઆદ, ખેડા જીલ્લામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં પધારેલ સહકાર, મીઠા ઉદ્યોગ, લઘુ સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ લીંબાસી સેવા સહકારી મંડળી અને લીંબાસી અર્બન કો.ઓપરેટીવ બેંકની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન મંત્રીએ દફતર તપાસણી કરી વ્યવસ્થાઓનું નિરિક્ષણ કર્યુ હતું. મંત્રીએ આ પ્રંસંગે લીંબાસી સહકારી મંડળીમાં ખાતર સહિતની વસ્તુઓનું નિરિક્ષણ કર્યુ હતું અને દફતર તપાસણી કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ મંત્રીએ લીંબાસી અર્બન કો.ઓપરેટીવ બેંકની મુલાકાત લઈ કામગીરીનુ નિરિક્ષણ કર્યું હતું. મંત્રીએ સહકારી મંડળી અને સહકારી બેન્કના હોદ્દેદારો અને કમિટીના સભ્યો સાથે ચર્ચા કરી માર્ગદર્શક સુચનો કર્યા હતા.

# સંતરામપુરના નસીકપુર ગામે એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત માતાના હસ્તે વૃક્ષ રોપવામાં આવ્યું



સંતરામપુર, ભારતીય જનતા પાર્ટીના દેશના વડાપ્રધાન અને વિશ્વ નેતા નરેન્દ્રભાઈ મોદીના વડાપ્રધાન બન્યા પછીનો પહેલો સંકલ્પ એક પેડ માં કે નામ એ અભિયાનના અનુસંધાનમાં આજરોજ મારા વતનના નસીકપુર ગામે માતાજીના હસ્તે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું. તેમાં મુખ્યત્વે આંબો ચીકુ અને બીલીપત્રના ઝાડનું વાવેતર કરવામાં આવ્યું હતું. જીલ્લાના ૯૪૧ બુથ ઉપર આ કાર્યક્રમ થશે વૃક્ષારોપણના પ્રથમ દિવસે એટલે કે ૨૬ તારીખ ૨૭ તારીખે ૨૮ મી એમ ક્રમશઃ પહેલા દિવસે જીલ્લાની અંદર જે પદા અધિકારી પ્રમુખ તરીકે છે. તર જીલ્લા સંગઠનના પ્રમુખ, તાલુકા સંગઠનના પ્રમુખ શકિત કેન્દ્રના પ્રમુખ એ પ્રમાણે પ્રમુખ જે છે. ચુંટાયેલા જીલ્લા પંચાયતના પ્રમુખ, તાલુકા પંચાયતના પ્રમુખ, એ રીતે પ્રમુખઓ આખા જીલ્લામાં આજે પોતાના માતાની સાથે વૃક્ષની વાવણી કરશે અને એ વાવણી કરેલ તસ્વીર નમો એપ્લિકેશન ઉપર અને સરળ એપ્લિકેશન ઉપર અપલોડ કરશે. જીલ્લામાં આ અભિયાન દ્વારા જીલ્લાના તમામ ૯૪૧ બુથ ઉપર આ કામ કરવામાં આવશે અને સાથે સાથે ૪૦૦૦ જેટલા સક્રિય કાર્યકર્તાઓ અને જીલ્લાના મુખ્ય બોડી સાથે મોરચાના પદાધિકારીઓ ચૂંટણી લડેલા લોકો પૂર્વ પદાધિકારીઓ આમ, તમામ કાર્યકર્તાઓ આ અભિયાનની અંદર જોડાશે અને ગ્લોબલ વોર્મિંગ ની સામે દેશના વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી જે અભિયાન ચલાવ્યું છે "એક પેડ માં કે નામ" એમાં મદદરૂપ બનશે અને આ રીતે પર્યાવરણની સુરક્ષા કરવા માટેનો એક ઉમદા હેતુ દેશના વડાપ્રધાન દ્વારા થયો હોય ત્યારે મેં પણ મારા ગામ માંથી નસીકપુર ગામે થી શરૂઆત કરી હતી અને માતૃ અંબા બાની હાજરીમાં આ કાર્ય પૂર્ણ કર્યું હતું. શકિત કેન્દ્ર સંયોજક ગોવિંદભાઈ બારીયાએ પણ માં સાથે વૃક્ષનું વાવેતર કર્યું હતું.

## આપની આજ.......

મેષ:આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. તમે આજે ધંધામાં રોકાણ કરી શકો છો. તેમાં લાભનો યોગ છે. જો તમે વ્યવસાયમાં ભાગીદારી કરવાનું મન બનાવી રહ્યા છો તો આ શ્રેષ્ઠ સમય છે.

વૃષભ: આજે તમારા વ્યવસાય અને કાર્યક્ષેત્રમાં મિશ્ર અસર રહેશે. તમે તમારી બુદ્ધિ અને સમજણથી ઘણી જટિલ બાબતોને ઉકેલશો. આજે અન્ય લોકો પાસેથી અતિશય અપેક્ષાઓ ના રાખશો, કારણકે લોકો તમારી અપેક્ષાઓ પર ખરા નહીં ઉતરે. વિવાદની પરિસ્થિતિ ટાળો.

મિથુન: આજનો દિવસ રોમેન્ટિક બની શકે છે, તમે આનંદની ક્ષણો માણશો. જૂના વિવાદો અને નુકસાનને ભૂલી જવાનો દિવસ પણ છે, મનમાંથી નકારાત્મક વિચારોને દૂર કરવાનો પ્રયાસ કરો.

કર્ક: આ દિવસે તમે જે કામ કરવા માગો છો તેમાં મૂંઝવણ રહેશે. પરંતુ જે પણ કામ એક ચિત્તે કરવામાં આવશે, તેમાં વિજય ચોક્કસ મળશે. અતિશય ભાવનાત્મક બનવાનું ટાળો, કારણકે આ તમને મુશ્કેલીમાં મુકી શકે છે.

સિંહ: આજે તમારે કેટલાંક કેસમાં નિરાશ થવું પડી શકે છે. બિઝનેસમાં કોઈપણ ડીલમાં વિક્ષેપ આવી શકે છે. છેલ્લા દિવસોથી તમે જે યોજના પર કામ કરી રહ્યા છો તેમાં વિરામ આવી શકે છે.

કન્યા આજે કાર્યક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ મળશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. આજે તમે બિઝનેસમાં સફળતા મેળવવા માટે સખત મહેનત કરશો અને તમારી મહેનત પણ રંગ લાવશે.

તુલા: આજે કોઈ અનુભવી અને વરિષ્ઠ વ્યક્તિની સલાહને અનુસરીને પણ તમને લાભ મળશે. ઓફિસમાં આજે કેટલાંક યુવાન સાથીઓ દ્વારા તમને પ્રોત્સાહન મળી શકે છે.

વૃશ્ચિક: ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જે તમને માનસિક રીતે વિચલિત કરી શકે છે. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો, પરંતુ સાથીદારોનો સપોર્ટ મુશ્કેલીથી મળશે.

ધન: વિવાહિત જીવન આજે સુખી રહેશે. આજે તમે તમારા જીવનસાથી અને પરિવારને પૂરો સમય આપી શકશો, જે યાદગાર ક્ષણ હશે. ધંધામાં ધનલાભ રહેશે કારણકે નસીબ પણ તમને સાથ આપશે.

મકર: આજનો દિવસ તમારી કસોટીનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે. જો તમે થોડા દિવસો માટે ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છો, તો તે ખરાબ સમય સમાપ્ત થવાનો છે.

કુંભ: આજનો દિવસ તમારી પરીક્ષાનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે. તમે હાલમાં જે કાર્ય કરી રહ્યા છો તેમાં ધ્યાન કેન્દ્રિત કરવું વધુ સારું છે, ભવિષ્યની યોજનાઓની ચિંતા ના કરો.

મીન: આજે તમે ઓફિસમાં અધિકારીઓની મદદથી તમામ પ્રકારની સમસ્યાને ઉકેલી શકશો. સાથીઓ તમારા કાર્યથી પ્રભાવિત થશે. વ્યવસાયમાં જટિલ સમસ્યાનો ઉકેલ વરિષ્ઠ વ્યક્તિની સલાહથી ઉકેલવામાં આવશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ પાલિકા પ્રમુખ નહિ બદલાય તો અવિશ્વાસ પ્રસ્તાવ લાવવો પડશે અથવા ૨૧ જેટલા પાલિકા સભ્યો રાજીનામા આપવા તૈયાર

દાહોદ,
દાહોદ નગરપાલિકામાં સદસ્યોની નારાજગીને લઈને છેલ્લા કેટલાય સમયથી કોકડું ગુંચવાયેલું છે આ વિવાદ કેમ ઉભો થયો કેમ સદસ્યો નારાજ છે. એવું તો શું કારણ છે કે, એક સાથે તમામ સભ્યોમાં નારાજગીના સુર જોવા મળ્યા અને ગુટ પડી ગયા અને પ્રમુખ બદલવાની માંગ લઈને અમદાવાદ ગાંધીનગરના ચક્કર કાપવા પડી રહ્યા છે. શહેરમાં જે ચર્ચાઓ ચાલી રહી છે, જેમાં પાલિકાનો પ્રમુખ નહિ બદલાય તો અવિશ્વાશ પ્રસ્તાવ લાવવો પડશે કાતો પછી ૨૦ થી ૨૧ જેટલા સદસ્યો રાજીનામુ આપવા માટે પણ તૈયાર છે. જિલ્લાના નેતાઓ થી લઈને અમદાવાદ ગાંધીનગર કમલમ સુધી નારાજ સદસ્યો રજુઆતો કરવા માટે દોડી રહ્યા છે, પરંતુ આ વિવાદ ઉભો થવાનું મુખ્ય કારણ શું જેમાં અમને જાણવા મળ્યું છે કે પ્રમુખ દ્વારા તમામ સદસ્યોને સાથે લઈને ચાલવાનું હોય છે તે નથી થતું પોતાની મનમાની થતી હોવાના આક્ષેપ લાગ્યા છે તો બીજી વોર્ડના સદસ્યોના કામો ન થતા હોય તેને લઈને નારાજગી છે અને જોકે દાહોદ શહેરની જનતા છેલ્લા કેટલાય સમયથી પ્રાથમિક સુવિધાઓને લઈને ઝઝૂમી રહી છે ક્યાંક રોડની સમસ્યાઓ છે, તો ક્યાંક ગટરની સમસ્યાઓ છે અને સૌથી મહત્વની જીવન જરૂરી પીવાના પાણીની સમસ્યાને લઈને ઝઝૂમી રહી છે દાહોદ શહેરની



જનતા અને કામોને લઈને ચાર વર્ષ પૂર્ણ થવા આવ્યા. નગરપાલિકામાં આ વર્તમાન બોડીને પરંતુ જે કામો થવા જોઈએ તે કામો ન થતા હોવાને લઈને નારાજગીને લઈને બે ગુટ પાલિકામાં જોવા મળ્યા અને પ્રમુખ હટાવવાની માંગને લઈને ૨૭ જેટલા નારાજ સદસ્યો એક જુટ થઈને પ્રમુખ હટાવવાની માંગ કરી રહ્યા છે તો બીજી બાજુ પ્રમુખ દ્વારા તમામ વિકાસના કામો થતા હોવાની વાત જણાઈ આવી હતી. ત્યારે જે સદસ્યો નારાજ છે, તેઓ છેલ્લા કેટલાય સમયથી દર દર ભટકી રહ્યા છે. રજુઆતો કરવા માટે પરંતુ ભાજપ દ્વારા હજુ સુધી કોઈ નિરાકરણ લવાયું નથી અને તેના કારણે પાલિકા સદસ્યો વગર સુની ભાસી રહી છે. શહેરીજનો પોતાની સમસ્યાઓ લઈને આવે તો કોની પાસે જાય તેમના વિસ્તારના સદસ્યો ત્યાં હાજર જ નથી હોતા કારણ કે તેઓ પોતે પોતાની રજુઆતો કરવા માટે છેક સુધીની દોટ લગાવીને બેઠા છે. ત્યારે શહેરીજનો દ્વારા માંગ કરવામાં આવી છે કે સદસ્યોની ચાલતી નારાજગી દૂર થવી જોઈએ શહેરીજનોના કામો થવા જોઈએ ચોમાસાની ઋતુ બેસી ગઈ છે. વરસાદી પાણીથી નીપટવા માટેના આગોતરા આયોજનો થવા જોઈએ તે સાથે મળીને કરવા જોઈએ અને જનતા એમપણ જણાવી રહી છે કે સદસ્યોની લડાઈ વચ્ચે જનતા પીસાઈ રહી છે. ભાજપ પાર્ટીદ્વારા આમનું વહેલી તકે નિરાકરણ લાવી જનતાના હિતમાં ફેસલો કરવો જોઈએ જનતાનું હીત જળવાવવું જોઈએ તેવી માંગ જનતા કરી છે. ત્યારે પાલિકામાં નારાજ સદસ્યોનું એવું કહેવું છે કે આ લડાઈ પ્રમુખની ખુરસી માટેની નથી આ લડાઈ જનતાના હિતો માટેની છે તો બીજી બાજુ પ્રમુખ તરફ દ્વારા વારંવાર જણાવવામાં આવ્યું છે કે વિકાસના કામો શહેરમાં પાલિકા દ્વારા કરવામાં આવી રહ્યા છે જયારે બન્ને ગુટ પોતાના જવાબો રજુ કરી રહ્યા છે તો વિવાદ ઉભો કેમ થયો અને કયારે શાંત પડશે આ પાલિકાનો વિવાદ હમણાં થોડા દિવસો અગાઉ કેટલાક સદસ્યો દાહોદ છોડી રાજસ્થાનમાં ગયા હતા. ત્યારે તેઓનું કહેવું છે કે અમે વેકેશન મનાવવા માટે ગયા હતા અને ત્યાંથી ભક્તિ ગીત ઉપર ડાન્સ કરતો એક વિડિઓ વાયરલ થયો ત્યારે ભારે વિવાદ ઉભો થયો તેમાં પણ પાલિકાના પુર્વ મહિલા પ્રમુખ દ્વારા સાયબર ક્રાઈમમાં વાયરલ વિડિઓ કરવા વાળા ઈસમ પર ગુનો નોંધાવાયો અને એક પછી પછી પાલિકાના સદસ્યો વિવાદોમાં સપડાઈ રહયા છે. સદસ્યોનો અંદરો અંદરનો ઉકળતો ચરૂ હવે બહાર આવી રહ્યો છે જોકે જાણકારી અનુસાર જે સદસ્યો પ્રમુખ સામે સંતોષ દાખવવાની જગ્યાએ અસંતોષ દાખવી રહ્યા છે, તેઓએ પોતાના કાઉન્સિલર પદેથી રાજીનામાંઓ આપવાની તૈયારી બતાવી દીધી છે. ત્યારે શું હવે પાલિકામાં પેટા ચૂંટણી ચોજાશે કેમ કે ૨૦ થી ૨૪ જેટલા કાઉન્સિલરો રાજીનામાં આપી દેશે તો તે વોર્ડ વાઈઝના વિસ્તારોમાં ચોક્કસથી પેટા ચૂંટણી યોજાશે અને હાલમાં પીસાતી જનતા ફરી નવા સદસ્યો ન ચૂંટાય ત્યાં સુધી પીસાતા રહેશે જોકે હવે જોવું એ રહ્યું કે આ લડાઈમાં જીત કોની થાય છે. ભાજપે બે ગુટના તમામ સદસ્યોને સાંભળી લીધા છે હવે ફેસલો લેવાનો આખરી નિર્ણય પ્રદેશમાંથી આવશે ત્યારે નિર્ણય શું હશે પ્રમુખ બદલાશે નવો પ્રમુખ આવશે કે પછી પ્રદેશ માંથી નારાજ સદસ્યોને મનાવી લેવાશે કે પછી રાજીનામાં પડશે. ત્યારે પેટા ચૂંટણી માટેની નોબત આવીને ઉભી થશે તે તો આવનાર સમયમાં ખબર પડશે.

## દાહોદ નિવૃત્ત પેરામીલેટરી સંગઠન દ્વારા બીએસએફ જવાનને જમીન મુદ્દે હેરાન કરનાર પોલીસકર્મીને કડક સજાની માંગ કરી

દાહોદ,
દાહોદ જીલ્લાના ફતેપુરાના હિન્દોલીયામાં નિવૃત બીએસએફ જવાનને જમીન મુદ્દે હેરાન કરી તેને અને તેના પરિવારને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપતાં પોલીસ કર્મીને કડક સજાની માંગ સાથે નિવૃત પેરામિલેટ્રી સંગઠન દ્વારા કલેક્ટર, એસપીને આવેદનપત્ર આપવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લાના ફતેપુરાના હિન્દોલીયા ગામના નિવૃત બીએસએફ જવાનને પોલીસ કર્મચારી દ્વારા જમીનની નજીવી બાબતમાં નિવૃત જવાન અને પરિવારને ખોટા પોલીસ કેસમાં ફસાવી દેવાની ધમકી આપવામાં આવતી હતી. આ બાબતે નિવૃત જવાને ગુજરાત નિવૃત પેરામિલેટ્રી સંગઠનના પ્રદેશ પ્રમુખને જાણ કરતાં દાહોદ કલેકટર, એસપીને લેખિત રજુઆત કરી નિવૃત જવાનને હેરાન કરનાર પોલીસ કર્મચારી સામે કાર્યવાહીની માંગણી કરવામાં આવી હતી. આ અંગે ગુજરાત પેરામિલેટ્રી સંગઠનના પ્રદેશ દિપેશભાઈ પટેલ પ્રમુખ અને શહીદ કલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટના ઝોન પ્રમુખ વીરાભાઈ, દાહોદ જીલ્લા ઉપપ્રમુખ રાવતભાઈ દ્વારા દાહોદ કલેક્ટર અને એસપીને કરેલી રજુઆતમાં જણાવ્યાં અનુસાર, હિન્દોલીયાના નિવૃત બીએસએફ જવાન નરવતભાઈ અને તેમના પરિવારને જમીન બાબતે પોલીસ કર્મચારી દ્વારા પોતાની નોકરીનો રૂઆબ બતાવી અપશબ્દો બોલી, માનસિક ત્રાસ આફી અને ખોટા કેસમાં જેલમાં પુરી દેવાની ધમકી આપી હતી તેમજ કાયદાનો હું જાણકાર છુ જેથી એવા કાયદા લગાવીશ કે જેલથી બહાર નીકળવું ભારે પડી જશે, અવાર નવાર જાનથી મારી નાંખવાની ધમકી પણ આપવામાં આવતાં પીડિત જવાન દ્વારા સંગઠનને લેખિત જાણ કરવામાં આવી હતી. જે આધારે જેણે દેશની સુરક્ષામાં પોતાનું યોગદાન આપેલ હોય તેવા પેરામિલેટ્રી જવાનના ન્યાય માટે દાહોદ કલેક્ટર અને પોલીસ અધિક્ષકને આવેદનપત્ર આપી યોગ્ય કાર્યવાહી કરી પોલીસ જવાન ઉપર વિભાગીય કાર્યવાહી કરી કડક સજાની માંગ કરવામાં આવી હતી.

## રાજ્યના વિવિધ જીલ્લામાં ધાડના ગુનામાં ૨૩ વર્ષથી વોન્ટેડ આરોપીને પેરોલ સ્કોર્ડે ઝડપ્યો

દાહોદ,
દાહોદ જીલ્લાના લીમખેડા પોલીસ સ્ટેશન, છોટાઉદેપુરના બોડેલી પોલીસ સ્ટેશનના ધાડના ગુન્હાઓમાં છેલ્લા ૨૩ વર્ષથી નાસતા ફરતા આરોપી તથા સુરત ગ્રામ્ય જીલ્લાના કોસંબા પોલીસ સ્ટેશનના ધાડના ગુન્હામાં છેલ્લા ૧૪ વર્ષથી નાસતા ફરતા ઈનામી આરોપી મળી કુલ ૦૨ આરોપીઓને પેરોલ ફ્લો સ્કોર્ડ, દાહોદની ટીમે તેઓના આશ્રય સ્થાનેથી ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા, પ્રોહીબીશનની પ્રવૃતિઓને અટકાવવા, જુગારની પ્રવૃતિઓને અટકાવવા તેમજ અસામાજીક તત્વોને ઝડપી પાડવા માટે દાહોદ જીલ્લા પોલીસની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે. ત્યારે પેરોલ ફ્લો સ્કોર્ડ, દાહોદને મળેલ બાતમીના આધારે દાહોદ જીલ્લાના લીમખેડા પોલૂીસ સ્ટેશન, છોટાઉદેપુરના બોડેલી પોલીસ સ્ટેશનના ધાડના ગુન્હાઓમાં છેલ્લા ૨૩ વર્ષથી નાસતા ફરતા આરોપી તથા સુરત ગ્રામ્ય જીલ્લાના કોસંબા પોલીસ સ્ટેશનના ધાડના ગુન્હામાં છેલ્લા ૧૪ વર્ષથી નાસતા ફરતા ઈનામી આરોપી મળી કુલ ૦૨ આરોપીઓ જેમાં રમેશભાઈ રામચંદભાઈ વસુનીયા (રહે. સાલકીયા, કોટવાળ ફળિયા, તા.જી.ઝાબુઆ, મધ્યપ્રદેશ) અને ચેનસીગ ઉર્ફે સીનુ જામસીગ ઉર્ફે જામાભાઈ વસુનીયા (સાલકીયા, કોટવાળ ફળિયા, તા.જી.ઝાબુઆ, મધ્યપ્રદેશ) નાઓને દાહોદ જીલ્લામાંથી ઝડપી પાડવામાં આવ્યાં હતાં. આ સંબંધે પેરોલ ફ્લો સ્કોર્ડ, દાહોદ દ્વારા ગુનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ પેરોલ ફ્લો સ્કોર્ડ દ્વારા ૬ ગુનામાં વોન્ટેડ આરોપીને સાગટાળા ખાતેથી ઝડપ્યો

દાહોદ,
દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના સાગટાળા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ૦૩, છોટાઉદેપુર, હાલોલ પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ૦૨ તથા ઝોઝ પોલીસ સ્ટેશન વિસ્તારના રાયોટીંગના ૦૧ મળી કુલ ૦૬ ગુન્હાઓમાં છેલ્લા દોઢ વર્ષથી નાસતો ફરતો વોન્ડેટ આરોપીને દેવગઢ બારીઆના સાગટાળા વિસ્તાર માંથી પેરોલ ફ્લો સ્કોર્ડ, દાહોદની ટીમે ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા, પ્રોહીબીશનની પ્રવૃતિઓને અટકાવવા, જુગારની પ્રવૃતિઓને અટકાવવા તેમજ અસામાજીક તત્વોને ઝડપી પાડવા માટે દાહોદ જીલ્લા પોલીસની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે. ત્યારે પેરોલ ફ્લો સ્કોર્ડ, દાહોદને મળેલ બાતમીના આધારે દેવગઢ બારીઆ તાલુકાના સાગટાળા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ૦૩, છોટાઉદેપુર, હાલોલ પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ૦૨ તથા ઝોઝ પોલીસ સ્ટેશન વિસ્તારના રાયોટીંગના ૦૧ મળી કુલ ૦૬ ગુન્હાઓમાં છેલ્લા દોઢ વર્ષથી નાસતો ફરતો વોન્ડેટ આરોપીને ખીભાભાઈ ભલજીભાઈ રાઠવા (રહે. મીઠીબોર, તા.જી. છોટાઉદેપુર)ને દેવગઢ બારીઆના સાગટાળા વિસ્તારમાંથી ઝડપી પાડી આ સંબંધે પેરોલ ફ્લો સ્કોર્ડ, દાહોદ દ્વારા ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વડોદરા હરણી પોલીસ મથકના ગુનામાં વોન્ટેડ આરોપીને દાહોદ એલ.સી.બી.એ ઝડપ્યો

દાહોદ,
વડોદરા શહેરના હરણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોરીના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને દાહોદ એલસીબી પોલીસે ગરબાડાના જેસાવાડા બજારમાંથી ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા, પ્રોહીબીશનની પ્રવૃતિઓને અટકાવવા, જુગારની પ્રવૃતિઓને અટકાવવા તેમજ અસામાજીક તત્વોને ઝડપી પાડવા માટે દાહોદ જીલ્લા પોલીસની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે. ત્યારે દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે વડોદરા શકેરના હરણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘરફોડી ચોરીના ગુન્હાનો નાસતો ફરતો આરોપી રમેશભાઈ મડીયાભાઈ ખરાડ (રહે. વજેલાવ, ભુતવડ ફળિયા, તા.ગરબાડા, જી.દાહોદ)નો ગરબાડાના જેસાવાડા બજારમાં આવ્યો હોવાની એલસીબી પોલીસને બાતમી મળતાં પોલીસે જેસાવાડા બજારમાં વોચ ગોઠવી ઉભી હતી. ત્યારે બજારમાં ઉપરોક્ત આરોપી જોવાતાની સાથે પોલીસેને તેને ઝડપી પાડ્યો હતો. આ સંબંધે દાહોદ એલસીબી પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વડોદરા શહેર અને ગ્રામ્ય વિસ્તારના ૧૫ અનડિટેકટ ગુનામાં ૨.૪૪ લાખના દાગીના રીકવર કરી સોની સહિત બે આરોપીને રામપુર ખાતેથી ઝડપ્યા

દાહોદ,
વડોદરા શહેર તેમજ વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં જુદી જુદી જગ્યાએ મળી કુલ પંદર અનડિટેક્ટ ગુનાઓ હ્યુમન સોર્સ અને ટેકનિકલ માધ્યમથી ડિટેક્ટ કરી ઘરફોડ ચોરીમાં ગયેલ સોનાના દાગીના કિંમત રૂા.૨,૪૪,૪૦૦ નો મુદ્દામાલ (જી.સી.ટી.ઓ.સી.)ના ગુન્હામાં અગાઉ પકડાયેલ રિસીવર સોની પાસેથી કબજે કરી સોની સહિત બે આરોપીઓને દાહોદના રામપુરા ગામેથી દાહોદ એલસીબી પોલીસે ઝડપી પાડી આરોપીઓને જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા, પ્રોહીબીશનની પ્રવૃતિઓને અટકાવવા, જુગારની પ્રવૃતિઓને અટકાવવા તેમજ અસામાજીક તત્વોને ઝડપી પાડવા માટે દાહોદ જીલ્લા પોલીસની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે. ત્યારે દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે જીલ્લા તથા જીલ્લા બહારની ઘરફોડ ચોરીના ગુનાઓમાં વોન્ટેડ આરોપી રાજેશભાઈ ઉર્ફે રાજી લાલાભાઈ ભાભોર (રહે. માતવા, મખોડીયા ફળિયું, તા.ગરબાડા, જી.દાહોદ)નો રામપુરા ગામે નાળા પાસે આવ્યો હોવાનું પોલીસને જાણવા મળતાં પોલીસે સ્થળ પર વોચ ગોઠવતાં ત્યાંથી ઉપરોક્ત ઈસમ પોલીસને જોઈ પોતાના કબજાની ગાડી લઈ ભાગવાનો પ્રયાસ કરતાં પોલીસે તેનો પીછો કરતાં પોલીસે તેને થોડે દુરથી ઝડપી પાડચો હતો. પોલીસે તેને પોલીસ મથકે લાવી સઘન પુછપરછ કરતાં વડોદરા શહેર તથા વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં અલગ અલગ જુદા જુદા સમયે ચોરીઓને અંજામ આપ્યો હતો. ચોરીના કેટલાંક દાગીના ચીલાકોટા ગામે રહેતાં ભરતભાઈ મોતીલાલ પંચાલને વેચી દીધેલ હોવાનું જણવાતાં પોલીસે ભરતભાઈની પણ અટકાયત કરી હતી. પોલીસે તેઓને પાસેથી ચોરીના કુલ રૂા.૨,૪૪,૪૦૦ના સોનાના દાગીના કબજે કરી આ સંબંધે દાહોદ એલસીબી પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વરસાદની રાહ જોતા ખેડૂતો : છેલ્લા ૨૪ કલાકમાં માત્ર દાહોદમાં જ ૧૭ M M વરસાદ નોંધાયો : અન્ય ૮ તાલુકા વરસાદથી વંચિત

**જીલ્લાના ૯ તાલુકા પેકી દાહોદમાં જ વરસ્યો વરસાદ.**

૨૫મી જુન મંગળવારના રોજ દાહોદ જીલ્લાના ૯ તાલુકા પૈકી માત્ર દાહોદમાં વરસાદ વરસ્યો હતો. દાહોદમાં બપોરના ૧૨ વાગ્યાથી ૨ વાગ્યા દરમ્યાન ૧૭ મિમિ વરસાદ વરસ્યો હતો. ત્યારબાદ વરસાદે વિરામ લેતા રાત્રી દરમ્યાન સમગ્ર જીલ્લામાં વરસાદનું ટીપું એ પડ્યું ન હતું. ૨૫મી જૂનના રોજ દાહોદ શહેરની વાત કરતા જીલ્લાના ૮ તાલુકાઓમાં વરસાદ નોંધાયો ન હતો.

**ખેડૂતો ખેતીલાયક વરસાદની રાહ જોઈ રહ્યા છે.**

દાહોદ જીલ્લામા હવામાન વિભાગની આગાહીને પગલે વરસાદી વાદળો છવાયેલા હોવાને કારણે વરસાદનો વર્તારો જોવાઈ રહ્યો છે. અત્યાર સુધી દાહોદ જીલ્લામા છુટો છવાયો વરસાદ વરસ્યો છે. જેને લઈને જીલ્લામાં કેટલીક જગ્યાએ ખેડૂતોએ વાવણીનો પ્રારંભ કરી દીધો છે. જોકે, હજી દાહોદ જીલ્લામા વાવણીલાયક વરસાદ વરસ્યો ન હોવાથી ખેતરોમાં ખેતીલાયક પુરતા પ્રમાણમા ભેજ થાય ત્યારે ખેડૂતો વાવણી કરે તે માટે વરસાદની રાહ જોઈ રહ્યા છે. ત્યારે હવે દાહોદ જીલ્લામા ખેતીલાયક વરસાદ જલ્દી થાય તેવી આશા ખેડૂતો રાખી રહ્યા છે.

દાહોદ,
સમગ્ર ગુજરાતમા વરસાદી માહોલ જામ્યો છે. જોકે, દાહોદ જીલ્લામાં વરસાદના અમી છાંટણા વરસી રહ્યા છે. જીલ્લામાં વરસાદી ઝાપટાં પડી રહ્યા છે. મેઘરાજા દાહોદ જીલ્લામાં મન મૂકીને હજી સુધી વરસ્યા નથી. જેને લઈને ખેડૂતોની ચિંતામાં વધારો જોવા મળી રહ્યો છે.

હવામાન વિભાગની આગાહીને પગલે દાહોદ જીલ્લામાં ૨૫ જૂનના દિવસે વાતાવરણ વાદળછાયું રહ્યું હતું, પરંતુ મેઘરાજા મહેરબાન થયા ન હતા. ભારે ગરમી અને અસહ્ય ઉકળાટ અને બફારો થતા લોકો ગરમીમાં પરેશાન થયા હતા. બપોરના ૧૨:૦૦ વાગ્યાથી ૨:૦૦ વાગ્યા દરમિયાન જીલ્લાના વાતાવરણમાં એકાએક પલટો સર્જાયો હતો. સાથે જ મેઘ ગર્જના સાથે પવન ફૂંકાવવાની શરૂ થઈ હતી. વાતાવરણ જોઈને એવુ લાગતુ હતું કે, દાહોદ જીલ્લામા મેઘરાજા આજે મન મુકીને વરસવાના છે, પરંતુ વરસાદ નહિ વરસતા ખેડૂતોમા નિરાશા છવાઈ હતી

## દાહોદ જીલ્લા પોલીસ વડાએ ગરબાડા તાલુકાના નીમચ પ્રાથમિક શાળા, પાટિયા ફળિયા વર્ગ શાળા, ઉતર બુનિયાદી આશ્રમ શાળા ખાતેથી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ કરાવ્યો

દાહોદ,
રાજ્યભરમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૪નો પ્રારંભ થયો છે. જેઅંતર્ગત આજે દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રાજદીપસિંહ ઝાલા એ ગરબાડા તાલુકાના નીમચ પ્રાથમિક શાળા પાટિયા ફળિયા વર્ગ શાળા ઉતર બુનિયાદી આશ્રમ શાળા ખાતે થી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ કરાવ્યો આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ–૧માં પ્રવેશપાત્ર બાળકોને પ્રવેશ અપાવ્યો હતો.



ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણ વિશે વાત કરતાં પોલીસ અધિક્ષકે ઉમેર્યું હતું કે, વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ આપવા આપણે મેળા જેવી ઉજવણી કરીએ છીએ. નાના ભુલકાઓને જેથી આનંદ થાય છે તેઓ રડતા નહીં પરંતુ હસતા હસતા શાળામાં પ્રવેશ મેળવે છે. પ્રધાનમંત્રી જયારે મુખ્યમંત્રી હતા ત્યારે કન્યાઓમાં શિક્ષણનું પ્રમાણ વધે તેવા ઉદ્દેશ્ય સાથે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરી હતી. પરંતુ આજે તે આગળ વધીને દરેક વિદ્યાર્થીઓ માટે એક આનંદદાયી પ્રસંગ બની રહ્યો છે. બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે શિક્ષકો, વાલીઓ તેમજ સમાજે સાથે મળીને કાર્ય કરવું ખુબ જ જરૂરી છે. દરેક વ્યક્તિએ બાળકોના સારા ભવિષ્ય માટે જવાબદારી લેવાની જરૂર છે.

કાર્યક્રમ દરમિયાન જિલ્લા પોલીસ વડા ડો રાજદીપસિંહ ઝાલા અને મહાનુભાવોએ આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ ૧માં પ્રવેશ મેળવતા બાળકોને શૈક્ષણિક કીટ આપી શાળા પ્રવેશ કરાવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે શાળાના બાળકોએ પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કર્યું હતું. આ પ્રસંગે જિલ્લાના અધિકારીઓ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર, સરપંચ સહિત લાયઝન અધિકારી, બી.આર.સી.કો ઓર્ડીનેટર, સી.આર.સી.કો ઓર્ડીનેટર, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.260

# મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાનું ભોપાળું : રાયણના મુવાડા ગામે રોડના નાળા ધોવાયા, કામ કરશે કોન્ટ્રાક્ટર અને ભોગવશે સરકાર !!!

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના રાયણના મુવાડા ગામના રાઠવા ફળિયામાં જતો રોડ પહેલા નજીવા વરસાદમાં ધોવાઈ જતા ભ્રષ્ટાચારની પોલ ખુલી છે. કોન્ટ્રાક્ટર દ્વારા રોડના કામમાં મોટા પાચે ગેરરીતી કરી ગુજરાતના મુખ્યમંત્રીના નામને પણ લાંછન લગાડ્યું છે. સાત લેચરમાં રોડ બનાવવાનો હોય રોડ ઉપર ત્રણજ લેચર દેખાઈ રહ્યા છે. અકસ્માતના પગલે આ રસ્તો વાહન ચાલકો માટે બંધ કરાયો છે માર્ગ મકાન વિભાગના D.E.આજરોજ આ સ્થળની મુલાકાત લઈ કોન્ટ્રાક્ટરને નાળુ બીજું બનાવવાની માત્ર સૂચના આપી નામપૂરતી કામગીરી બતાવી સંતોષ માણ્યો છે. રાયણના મુવાડા ગામના તળાવથી કંકોડાકુઇ સુધીનો રસ્તો મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ થોડા દિવસો અગાઉ બનાવવામાં આવ્યો છે. જે નજીવા વરસાદમાં તૂટી જતા રોડના કામમાં મોટાપાચે ગેરરીતી કરવામાં આવી હોવાની પોલ ખુલી ગઈ છે આ રસ્તા ઉપર બનાવવામાં આવેલા નાળા ધોવાઈ જવાના કારણે રોજીંદી અવર-જવર કરતા વાહન ચાલકો માટે રસ્તો બંધ થઈ ગયો છે. કાર જેવા સાધનો આ રસ્તે થી પસાર થાય તો આ રોડ બેસી જાય તેવી પરિસ્તીથી સર્જાઈ છે આ રસ્તા ઉપર ઠેર ઠેર ગાભડા જોવા મળ્યા છે. રોડના નાળા બિલકુલ હલકી કક્ષાના મટેરિયલથી બનાવવામાં આવ્યા છે, જે હાથ લગાવતા તૂટી જાય છે. કામની વિગત દર્શાવતા બોર્ડ ઉપર સાત લેચરમાં રોડ બનાવવાનો સ્પષ્ટ ઉલ્લેખ છે, પરંતુ રોડની સાઈડ માંથી કામ સાત લેચરમાં થયું હોવાનું દેખાતું નથી. તદ્દઉપરાંત ડામર રોડ પણ ગુંદર





વિનાની સેલોટેપ જેવો છે, જે પગ લગાવતા ઉખડી જાય છે. આ રસ્તાનો ઈજારો બી એન શાહ નામની કંપનીને આપવામાં આવ્યો છે જેણે ગુણવત્તા પ્રમાણે કામ ન કરતા રોડ ગણતરીના દિવસોમાં થોડા વરસાદમાં તૂટી ગયો છે. આ રોડમાં ભ્રષ્ટાચાર કરવા માટે તંત્ર એ જ પ્રોત્સાહન આપ્યું હોય? તેવું અધિકારીઓની શંકાસ્પદ કામગીરીથી લાગી રહ્યું છે.

તૂટી ગયેલા રોડ અને નાણાંનું નિરીક્ષણ કરવા PWD ડેપ્યુટી ઈજનેર આવ્યા હતા. તેમણે આટલા મોટા ભ્રષ્ટાચારને ગંભીરતાથી લીધો ન હતો અને કોન્ટ્રાક્ટરને હજી વધારે ગેરરીતી કરવા માટે પ્રોત્સાહિત કરતા હોય અને નાના છોકરાને કેડે ઉપાડી જો બેટા આવું નહીં કરવાનું બકુડા તેવા લાડ લડાવી નાળુ બીજુ બનાવવાની સમજણ આપી કોઈપણ જાતની અન્ય તપાસ કર્યા વીના ત્યાંથી નીકળી ગયા હતા. ડેપ્યુટી ઈજનેરે રોડ કેટલા લેચરમાં બન્યો છે, કેવો બન્યો છો તેની ગુણવત્તા કેટલી છે નાળા કેમ ધોવાઈ ગયા? રોડમાં શું ખામી હતી? નાળાનુ ચણતર હાથ લગાવતા તૂટી જાય છે. આવી કોઈ પણ જાતની તપાસ કર્યા વગર જ માત્ર નાળૂ બનાવવાની સૂચના આપી ત્યાંથી નીકળી ગયા હતા. ઉ.ઊ ની આ કામગીરી શંકાસ્પદ છે રોડની ભયાનક દશા જોઈ અધિકારીના પેટનું પાણી હાલ્યું નથી રોડમાં ભ્રષ્ટાચાર કરવા બદલ કોન્ટ્રાકટરને નોટીસ કે તેને બ્લેકલિસ્ટ કરવાની કાર્યવાહી કરવામાં આવી નથી. PWD દ્વારા કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરશે ખરા તેવા સવાલો લોકોમાં ઉઠી રહ્યા છે. અધિકારી અને કોન્ટ્રાક્ટરની મીલી ભગત હોય તો જ કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ અધિકારી કાયદેસરના પગલાં ભરતા ખચકાટ અનુભવે તેવા જ ૧૦૦% સાચી છે કોન્ટ્રાકટરે આ રોડ તૂટવાનું કારણ દર્શાવતા કહ્યું હતું કે આ રોડની સુરક્ષા માટે ડેપ્યુટી ઈજનેર પાસે સંરક્ષણ દિવાલ, નાળુ તથા બોક્સ કન્વર્ટની માગણી કરી હતી પરંતુ અધિકારીએ આમાંથી કોઈપણ કામ ના આપતા આ રોડ ધોવાઈ ગયા હોવાનુ જણાવી પરોક્ષ રીતે ડેપ્યુટી ઈજનેર ઉપર દોષ નો ટોપલો ઢોળ્યો હતો. અધિકારીએ સ્થળ ચકાસણી તો કરી પરંતુ કોન્ટ્રાક્ટર સામે કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા વિના ધોયેલા મૂળાની જેમ પાછા ફર્યા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના ના નામે કોન્ટ્રાક્ટરે સરકારનું લાખો રૂપીચાનુ દેવાળુ ફૂંકયુ છે.

ભ્રષ્ટાચારના મુદ્દાને લઈ મોદી સરકાર લઘુમાં આવી ગઈ છે. જો ગુજરાતમાં પણ સરકાર આ બાબતને ગંભીરતાથી નહીં લેતો દિલ્હી પછી આગામી સમયમાં પ્રજા ગુજરાતનો વારો કાઢે તો નવાઈ નહીં રોડના નામે કરી નાખશે કોન્ટ્રાક્ટર અને ભોગવશે સરકાર આદિવાસી ગામડામાં તો લોકોને એમ જ છે કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સીધી દેખરેખ હેઠળ આ રોડ બને છે. જો આમાં ભ્રષ્ટાચાર થયો, રોડ તૂટી ગયો તો તેની જવાબદારી મુખ્યમંત્રી ઉપર આવશે અને મુખ્યમંત્રી ઉપર લોકો માછલા ધોશે, જો કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ કોઈપણ જાતના પગલાં લેવામાં નહીં આવે અને કોન્ટ્રાક્ટરને બ્લેક લિસ્ટ કરવામાં નહીં આવે તો ગામડાના લોકો એવું જ કહેશે કે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આ રોડના રૂપિયા ખાઈ ગયા. કોન્ટ્રાક્ટરની ભૂલ ગુજરાત ની ભાજપ સરકારને ભારે પડશે.

## ગોધરા નગર પાલિકા ખાતે આજ રોજ પાલિકાની સામાન્ય સભા : જેમાં વિવિધ સભાઓના ચેરમેનની નિમણુંક કરવામાં આવી

ગોધરા,

સામાન્ય સભામાં ઉપસ્થિત રહેલા ગોધરા નગર પાલિકા પ્રમુખ સહિતના પક્ષ વિપક્ષ નાં પાલિકા સભ્યો દ્વારા કુલ ૧૬ મુદ્દા મંજૂર કરવામાં આવ્યા. જ્યારે ગોધરા રેલવે સ્ટેશન બહાર શૌચાલય ને અન્ય જગ્યાએ ખસેડવા માટે પણ સર્વે સભ્યોએ મંજૂરી આપી હતી.

ગોધરા નગર પાલિકા ખાતે આજ રોજ સામાન્ય સભા મળી હતી. જેમાં પાલિકા પ્રમુખ સહિત સતાધારી પક્ષના સભ્યો તેમજ વિપક્ષ સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં કુલ ૧૬ મુદ્દા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને ચર્ચાના અંતે તમામ ૧૬ મુદ્દા નો ઉપસ્થિત સભ્યો દ્વારા સર્વ સમંતી થી મંજૂર કરવામાં આવ્યા હતા. જેમાં ગોધરા શહેરનાં



રેલવે સ્ટેશન બહાર જે શૌચાલય છે તેને અન્યત્ર ખસેડવામાં આવે તે મુદ્દાને પણ સર્વ સમંતિ થી તમામ સભ્યોએ મંજૂરી આપી હતી. આ ઉપરાંત નગર પાલિકા ની વિવિધ સમીતીઓનાં ચેરમેનોની પણ વરણી કરી નિમણુંક કરવામાં આવી હતી. જેમાં વિવિધ સમીતીઓના ચેરમેનમાં કારોબારી ચેરમેન – ઉષ્માબેન ભરતભાઈ પટેલ, સફાઈ/ આરોગ્ય વિભાગ– સવિતાબેન ચંદુભાઈ બુજ, જાહેર બાંધકામ વીભાગ–જીતેન્દ્રકુમાર ધરમદાસ સાવલાણી, અમૃત ચોજના– દિપેશસિંહ જગદીશસિંહ ઠાકોર, મહેસુલ વિભાગ– કશ્યપભાઈ મુરલીધર મુલચંદાણી, પાણી પુરવઠા વિભાગ– ભારતીબેન સતીશભાઈ પટેલ, ભૂગર્ભ ગટર ચોજના– હંસાબેન પ્રેમેન્દ્રભાઈ વાઘેલા, દિવાબત્તી વિભાગ– મુમતાજ ચાકુબ મીઠાભાઈ, મોટર વ્હીકલ કમીટી–દિવાબેન વિઠુલભાઈ પરમાર, ટાઉન પ્લાનીંગ એન્ડ ડેવલોપર્સ– વર્ષાબેન નીલેશભાઇ ઠાકર, પ્લાનીંગ વિભાગ– સેજલબેન ભાર્ગવભાઈ સોની, બગીચા વિકાસ વીભાગ– રમીલાબેન શાંતિલાલ સોલંકી, મેલેરીયા સ્કીમ સલાહકાર વિભાગ– અકમ મહેબુદભાઈ દિવાન, સાંસ્કૃતિ સલાહકાર– ગૌરીબેન અશોકચંદ્ર જોષી, આવાસ કમીટી– ગોવિંદભાઈ કાંતિભાઈ નાયક, તળાવ બ્યુટીફીકેશન વિભાગ– જયપ્રકાશ ગંગારામ હરવાણી, વ્યવસાય વેરા કમીટી– નીલિમાબેન અંકિતભાઈ શાહ, મનોરંજન કર ગ્રાંટ કમીટી–નિમ્મીબેન નીરજકુમાર પરીખ, નાણાપંચ કમીટી– અફુરાબીબી સઈદ સદામસની નિમણુંક કરવામાં આવી હતી.

## ગોધરાના પશ્ચિમ વિસ્તાર ગેની પ્લોટમાં વીજ મીટર બદલવાના લઈ વીજ કર્મચારી અને ગ્રાહક વચ્ચે બોલાચાલી થતા પોલીસ દોડી આવી મામલો સંભાળ્યો

ગોધરા,

ગોધરા પશ્ચિમ વિસ્તારમાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ગેની પ્લોટ ખાતે વીજ કર્મચારીઓની ટીમ દ્વારા વીજ ગ્રાહકનું મીટર બદલવામાં આવ્યું હતું. ત્યારે જુનું વીજ મીટર વીજ કર્મચારી પાસેથી લઈ વીજ ગ્રાહકે ઘરમાં મૂકી દેવાને લઈ બોલાચાલી થઈ હતી. સ્થાનિક લોકોએ વીજ કર્મીઓને ઘેરી લેતાં પોલીસ બોલાવાતા પોલીસે મામલો થાળે પાડયો હતો.ગોધરાના પશ્ચિમ વિસ્તારના ગેની પ્લોટ સહિતના મોટાભાગના વિસ્તારોમાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા સવારે વીજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ગેની પ્લોટમાં એક વીજ ગ્રાહકના ઘરે વીજ કર્મચારીઓની ટીમ દ્વારા જુનું વીજ મીટર કાઢીને નવું મીટર નાખવામાં આવ્યું હતું અને જુનું વીજ મીટર વીજ કર્મચારીની હાથમાં હતું. ત્યારે વીજ ગ્રાહકે વીજ કર્મીના હાથ માંથી વીજ મીટર લઈને ઘરમાં મૂકી દેતા વીજ કર્મચારીઓ અને ગ્રાહક વચ્ચે ઉગ્ર બોલાચાલી થવા પામી હતી. તે સમયે વીજ કર્મચારીઓને સ્થાનિક લોકો દ્વારા ચારેબાજુથી ઘેરી લેવામાં આવતાં વીજ કર્મચારીએ પોલીસને ફોન કરી મદદ માંગી હતી. પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને પોલીસે ઘટના સ્થળે દોડી આવીને મામલો સંભાળી લીધો હતો.

## શહેરાના નાંદરવા ગામે બે બાઈક વચ્ચે અકસ્માતમાં એક બાઈક ચાલકનું મોત



શહેરા,

શહેરાના નાંદરવા ગામ પાસે બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. મહેલાણ ગામના બાઈક ચાલક રમેશ ખાંટનું ઘટના સ્થળે મોત થતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.શહેરા નાડા રોડ ઉપર નાંદરવા ગામ પાસે બે બાઈક વચ્ચે અકસ્માત થવા પામ્યો હતો. આ માર્ગ અકસ્માતમાં મહેલાણ ગામના તળાવ ફળિયામાં રહેતા રમેશ સોમાભાઈ ખાંટ ને શરીરના માથાના ભાગે ગંભીર ઈજા થતા ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. બનેલા બનાવને લઈને પોલીસ ઘટના સ્થળે પહોંચીને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જ્યારે બીજી બાઈકના ચાલકને પણ શરીરે નાની મોટી ઈજા પહોંચી હોવાથી સારવાર હેઠળ છે. હાલ તો આ બનેલા બનાવને લઈને મૂર્તક ના પરિવારજનોમાં ઘેરો શોક છવાયો હતો.

## ૨૬ જુન વિશ્વ ડ્રગ્સ વિરોધી દિવસે ગોધરામાં ડ્રગ્સ વિરોધી પોસ્ટર સાથે બાઈક રેલી યોજાઈ




ગોધરા,

૨૬ જુન વિશ્વ ડ્રગ્સ દિન નિમિતે ડ્રગ્સના દુષણ અંગે જનજાગૃતિ ફેલાય તે માટે પોલીસ મહાનિરીક્ષક પંચમહાલ ગોધરા રેન્જ ગોધરા આર.વી.અસારી અને જીલ્લા પોલીસવડા દ્વારા સ્કુલ, કોલેજોમાં નાર્કોટીસ ડ્રગ્સ અંગે સેમિનાર કરવા અને સુચન કરાયું હતું. જેના ભાગરૂપે ગોધરા શહેરમાં ડ્રગ્સ વિરોધી પોસ્ટર સાથે બાઈક રેલી કાઢવામાં આવી હતી.

## મોરવા(હ)ના ડાગરીયા ચોકડી પાસે જવેલર્સ દુકાનમાંથી ચોર ઈસમોએ ૩.૫૮ લાખના દાગીના ચોરી કરી ફરાર

મોરવા(હ),

મોરવા(હ)ના ડાગરીયા ચોકડી પાસે આવેલ જવેલર્સની દુકાનને અજાણ્યા ચોર ઈસમોએ નિશાન બનાવી હતી. દુકાનનુ શટર તોડી દુકાનમાં રાખેલ ચાંદીના દાગીના કિ.રૂ.૩,૫૮,૨૦૦/–ચોરી કરી જતાં આ બાબતે મોરવા(હ)પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોરવા(હ)ના ડાગરીયા ચોકડી પાસે ફરિયાદી હિરેનકુમાર સુભાષચંદ્ર સોની(રહે.વૃંદાવન નગર, ગોધરાની જય અંબે જવેલર્સ નામની દુકાનને અજાણ્યા ચોર ઈસમોએ નિશાન બનાવી હતી. દુકાનનુ શટર તોડી દુકાનમાં પ્રવેશ કર્યો હતો. દુકાનમાંથી ચોરીના જીવનદોરી, છડાના ગુગરીવાળા નંગ–૨૦ કિ.રૂ.૭૫,૦૦૦/–, ચાંદીના કિસ્મત છડા સાદા તથા ગુગરીવાળા કિ.રૂ.૩૪,૦૦૦/–, નાના છોકરાની હાથે પહેરવાની ચુડી ૧૦૦ ગ્રામ, ૨૦૦ ગ્રામ, ૨૫૦ ગ્રામની કિ.રૂ.૨૫,૦૦૦/–, ચાંદીની લકડી નંગ–૧૨ કિ.રૂ.૮,૦૦૦/–, ચાંદીની સાંકળી નંગ–૧ કિ.રૂ.૧૨,૫૦૦/–, ચાંદીના પગમાં પહેરવાના પાટી છડા નંગ–૨ કિ.રૂ.૨૨,૬૦૦/–, ચાંદીની ફેન્સી પાયલ ૧૦૦ ગ્રામ નંગ–૨ ૨૦૦ ગ્રામ નંગ–૧, ૨૫૦ ગ્રામ નંગ–૪ કિ.રૂ.૨૦,૦૦૦/–, ચાંદીના આંકડા નંગ–૧૦ કિ.રૂ.૪૫,૦૦૦/–, ચાંદીના સીંગલ આંકડા નંગ–૪ કિ.રૂ.૧૫,૦૦૦/–, ચાંદીના ગળામાં પહેરવાની હીરા કડી નંગ–૭ કિ.રૂ.૨૦,૦૦૦/–તેમજ ગ્રાહકોના ગીરવે મુકેલ ચાંદીના દાગીના દોઢ કિલો કિ.રૂ.૫૦,૦૦૦/–મળી કુલ ૩,૫૮,૨૦૦/–રૂપિયાના મુદ્દામાલની ચોરી કરી ગુનો કર્યાની ફરિયાદ મોરવા(હ)પોલીસ મથકે નોંધાવવા પામી છે.

## કાલોલ શિશુ મંદિરના પાછળના ભાગેથી પસાર થતી ગોમા નદીના પટમાંથી એક જે.સી.બી. અને ટ્રેકટર ખાણ ખનીજે ઝડપી પાડ્યુ

કાલોલ,

કાલોલ નગરમાંથી પસાર થતી ગોમા નદીમાં ભુ–માફિયાઓના આતંકથી અનેક ખેડુતો પરેશાન થતાં હોવાની રજુઆત સ્થાનિક અને જિલ્લા તંત્ર સુધી પહોંચતી હોય છે. ગત દિવસમાં પણ કાલોલના ધારાસભ્ય સમક્ષ કાલોલ મેદાપુર વિસ્તારનો એક ખેડુત ખાતેદારે મેદાપુર ગ્રામ પંચાયતના હદ વિસ્તારના ખેતીલાયક જમીનના સર્વ નંબરની આસપાસ રોયલ્ટીની મંજુરી કરતા વધુ માટી ખોદકામ થતુ હોવાની રજુઆત ખેડુતો ધારાસભ્યને કરતા કાલોલ વિધાનસભા ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ દ્વારા તાત્કાલિક ધોરણે કાલોલ મામલતદાર અને તાલુકા વિકાસને આ અંગે સંપુર્ણ રેતી, માટી અને ઈંટોના ધંધાઓ પર અંકુશ લગાવી સદંતર બંધ કરવા માટે સુચનો કર્યા હતા. જેના પગલે કાલોલ મામલતદાર અને ખાણ ખનીજ વિભાગ ગોધરાને પણ મૌખિક



રજુઆત અને સમાચારોના માધ્યમથી ઉજાગર કરતા બુધવાર સવારથી જ ખાણ ખનીજ વિભાગ ગોધરાની ટીમ કાલોલ ગોમા નદીમાં બાજ નજર રાખી ભુ–માફિયાઓ પર દરોડો પાડતા કાલોલ શિશુ મંદિરના પાછળના ભાગમાંથી પસાર થતી ગોમા નદીમાં એક જેસીબી મારફતે ગોમા નદીના પટમાં રેતી ખનન કરી ટ્રેકટરો દ્વારા રેતીની હેરાફેરી કરતા હોવાનુ નજરે ચઢતા ખાણ ખનીજ વિભાગે બે વાહનો જપ્ત કરી લીધા હતા. ખાણ ખનીજ વિભાગ દ્વારા એક જેસીબી અને એક ટ્રેકટર કબ્જે લઈ તેને હંકારતા બે ચાલકોની પણ ખનીજ વિભાગે પુછપરછ કરી કાલોલ મામલતદાર કચેરી ખાતે લાવી બંને વાહનો સીઝ કર્યા હતા. ખાણ ખનીજ વિભાગની ટીમે સીઝ કરેલ જેસીબી અને ટ્રેકટરમાં ભરેલ રેતી સાથે વાહનોના અંદાજિત ૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કાલોલ ગોમા નદીમાંથી બે વાહનો ખાણ ખનીજ વિભાગે ઝડપી પાડતા કાલોલ નગરના રાજકિય બેડામાં દોડધામ મચી જવા પામી હતી.

કાલોલ નગરમાં વર્ષોથી ગોમા નદીમાં ખનીજ ચોરી થતી હોય છે. અને આ ખનીજ ચોરીમાં કાલોલ નગરપાલિકાના અમુક સભ્યના સગા સ્નેહીઓની સંડોવણી હોવાનુ પણ કાલોલ નગરમાં લોકમુખે સાંભળવા મળી રહ્યુ છે. આવી રાજકિય વગ અને ઓથા હેઠળ ખનીજ ચોરીનો વ્યવસાય ફુલ્યો ફાલ્યો છે.ત્યારે તંત્ર નિષ્પક્ષ બનીને ખનીજ ચોરીને ડામી દેવા કાર્યવાહી કરે તે જરૂરી છે. આ ખનીજ માફિયાઓની પીઠ પાછળ રાજકિય હાથ હોવાના કારણે માથાભારે ખનીજ માફિયાઓને કોઈ પણ ડર હોતો નથી. જ્યારે લાખો ટન રેતીનુ બેફામ ખનન થઈ રહ્યુ છે. અને અવાર નવાર આ નગરપાલિકાના સભ્યના સગા સ્નેહીઓના વાહનો ખનીજ ચોરીમાં ઝડપાયા હોવાના અનેક કેસો પણ અગાઉ ખાણ ખનીજ વિભાગના ચોપડે નોંધાયા છે. તેમ છતાં પણ આજદિન સુધી કોઈ માઠી અસર જોવા મળતી નથી.

### પંચમહાલ શાળા પ્રવેશોત્સવનો પ્રથમ દિવસઃ‘ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની’

## જીલ્લા કલેકટરે મોરા પ્રાથમિક શાળા, મોરવા હડફ ખાતેથી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ કરાવ્યો

ગોધરા,

આજ રોજ કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ–૨૦૨૪નો ‘ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની’ થીમ સાથે શુભારંભ થયો છે. આ શ્રેણીમાં પંચમહાલ જીલ્લામાં તારીખ ૨૬ થી ૨૮ જૂન દરમિયાન ૨૦૨ રૂટ થકી ૨૬,૬૩૫ ભૂલકાઓને બાલ વાટિકામાં તથા ૭,૩૦૯ વિદ્યાર્થીઓને ધોરણ ૧માં વિવિધ મહાનુભાવો,અધિકારીઓ દ્વારા શાળામાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. જીલ્લામાં જીલ્લા પંચાયતના પ્રમુખ, સર્વ ધારાસભ્યો, રાજ્ય સરકારના અધિકારીઓ સહિત વિવિધ મહાનુભાવોના હસ્તે શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાયો છે.

જીલ્લાના મોરવા હડફ તાલુકાની મોરા પ્રાથમિક શાળા ખાતેથી પંચમહાલ જીલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને બાલ વાટિકામાં ૩૬ અને ધોરણ ૧માં ૧૧ ભૂલકાઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો.કલેકટર અને મહાનુભાવોના વરદ હસ્તે



બાળકોને કીટ આપી કુમકુમ તિલક સાથે આવકારવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને પ્રાર્થના થકી કરાઈ હતી. શાળા પ્રવેશોત્સવ–૨૦૨૪ના શુભારંભ પ્રસંગે કલેકટરએ ભૂલકાઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, નાના ભૂલાકાઓને પાયાનું શિક્ષણ આપવું ખૂબ જ જરૂરી બને છે. જેની શરૂઆત ઘર અને આંગણવાડીથી કરાય છે. ત્યારે આંગણવાડીમાં બાળકોને પોષણક્ષમ આહાર મળી રહેવો જોઈએ. દરેક બાળકમાં ક્ષમતા રહેલી હોય છે, તેને યોગ્ય વાતવરણ મળી રહે તો આવતીકાલ તેના અને સમાજ માટે સોનેરી બને છે.શિક્ષણ નિરંતર ચાલતી પ્રક્રિયા છે અને દરેક બાળક પ્રગતિના પંથ સર કરે તેવી શુભેચ્છાઓ જીલ્લા કલેકટરએ બાળકોને પાઠવી હતી.તેમણે જણાવ્યું હતું કે,શિક્ષણને લઈને રાજ્ય સરકારએ ઈન્ફ્રાસ્ટ્રકચર સહિત તમામ ભૌતિક સુવિધાઓ પૂરી પાડી છે.દરેક વાલીને સંબોધીને તેમણે કહ્યું કે,કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ના રહેવું જોઈએ,આ આપણા સૌ કોઈની જવાબદારી છે. તેમણે શાળા પરિવારને માઈક્રો પ્લાનિંગ થકી ગુણવત્તાપૂર્વક શિક્ષણ આપવા સૂચન અને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સરકારની નમો લક્ષ્મી અને નમો સરસ્વતી ચોજના વિશે માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. આ સાથે જીલ્લા કલેકટરએ એસ.એમ.સી કમિટી અને શાળાના શિક્ષકો સાથે બેઠક યોજીને વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન સુધારવા તરફ ભાર મૂકયો હતો.જેમાં રીડિંગ હેબિટ,ભાષા પર પકડ,પાઠચપુસ્તક સાથે વિવિધ પુસ્તકોનું વાંચન,વિદ્યાર્થીઓની એકમ કસોટીની તપાસ,એસ.એમ.સી. તથા વાલી મિટિંગ બાબતે ચર્ચા, શાળાના રજીસ્ટર સહિત વિવિધ સુધારાઓ અને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ વખતે વિદ્યાર્થીઓ દ્વારા સેવ વોટર અને વૃક્ષો બચાવો વિષય પર વકતવ્ય આપ્યું હતું.જીલ્લા કલેકટર અને મહાનુભાવોના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓ તથા પૂર્વ આચાર્યનું સન્માન કરાયું હતું.કાર્યક્રમના અંતે શાળામાં વૃક્ષારોપણ કરાયું હતું. આ કાર્યક્રમમાં ગામના સરપંચ, એસ.એમ.સી કમિટીના સભ્યઓ, આચાર્ય, શાળાના શિક્ષકો સહિત ગામના લોકો અને શાળાના બાળકો ઉપસ્થિત રહ્યા હતા.